અપીલ અરજી નં.૨૫૪ તા.૧૦–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ડી સી. ભટ્ટ
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક)

*વિષય :*–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી સી. ભટ્ટની તા.૪–૧૧–૦૮ ની અરજીથી સુમનપાનીકઈ સમિતિ/કમિટી ધ્વારા દીપાવલી શુભેચ્છાની જાહેરાતો સાપ્તાહિક/માસીક અખબારોને આપવાનું નકકી કરાયું તે તમામ સાપ્તાહિક અખબારોના નામ, ઠરાવની નકલ તથા કેટલા રૂપિયાનું ફંડ ફાળવવામાં આવ્યું? કેટલા રૂપિયા ખર્ચ કરાયો? વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.
*સંદર્ભ :*– અરજદાર મજકુરની તા.૧૦–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૪/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી ડી સી. ભટ્ટની તા.૪–૧૧–૦૮ ની અરજીથી સુમનપાની કઈ સમિતિ/કમિટી ધ્વારા દીપાવલી શુભેચ્છાની જાહેરાતો સાપ્તાહિક/માસીક અખબારોને આપવાનું નકકી કરાયું તે તમામ સાપ્તાહિક અખબારોના નામ, ઠરાવની નકલ તથા કેટલા રૂપિયાનું ફંડ ફાળવવામાં આવ્યું? કેટલા રૂપિયા ખર્ચ કરાયો? વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૮ તા.૧૬–૧૨–૦૮ થી ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને વિશેષ કોઈ માહિતી મળેલ નથી. કે બાકીની માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ રજુ કરવામાં આવેલ નથી.

અરજદારે તા.૧૦–૧૨–૦૮ ના રોજ કરેલ અપીલ અરજી માહિતી માંગવા માટેની અરજીનો કોઈ પ્રતિભાવ મળ્યો નથી જે દર્શાવે છે કે માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે તેવા કારણસર અપીલ અરજી કરવામાં આવેલ. જેના સંદર્ભે અપીલ પ્રક્રિયા દરમ્યાન પત્ર નં.પીઆરઓ/૯૯૧ ની તા.૧૯–૧૨–૦૮ થી રૂ.૧૦/– ની ફી ભરવા જણાવી અરજદારને નં.પીઆરઓ/૯૯૬ તા.૨૨–૧૨–૦૮ ના રોજ દિન–૧૯ ના વિલંબથી માહિતી પૂરી પડાયેલ છે. જે ખરેખર કલમ–૭(૬) હેઠળ નિયત સમય અવધિ બાદ વિના મૂલ્યે પૂરી પાડવા પાત્ર થાય. આપેલ માહિતી જેમાં મુદ્દા નં.૧ થી ૪ અંગે સ્થાયી સીમિતિના ઠરાવ નં.૧૫૧૬/૯૮ તા.૩૦–૯–૯૮ની નકલ તથા જન સંપર્ક ખાતાના તા.૨૩–૧૦–૦૮ના સક્ષમ સત્તાની મંજુરી ધરાવતાં કાગળોની નકલ આપેલ જણાય છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૬–૧૨–૦૮ થી મળેલ માહિતીના આધાર પુરાવા સહિત અપીલમાં માહિતી અધુરી,અપુરતી તથા અસંગત હોવાનું જણાવી મુદ્દા નં.૩ અંગે કોઈ માહિતી આપવામાં આવેલ નહીં હોવાનું જણાવી અને જે માહિતી આપવામાં આવેલ છે જે તદ્દન અસંગત હોવાનું જણાવેલ. મુદ્દા નં.૫ અંગેની માહિતી પણ અસંગત છે તેવા કારણસર પુનઃ અપીલ કરેલ છે. જે અંગે તા.૭–૧–૦૯ ના રોજ બપોરે ૪.૩૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદારે ઉપસ્થિત રહી મુદ્દા નં.૩માં પાત્રતાની વિગતો માહિતીમાં મને મળેલ નથી તથા મુદ્દા નં.૫ અંગે અસંગતતા છે તેનો મને હા કે ના માં જવાબ મળવો જોઈએ જે મને મળેલ નથી તેવી રજુઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ પણ પ્રતિનિધિ હાજર રહેલ ન હતાં કે બચાવ અંગે કોઈ વધુ વિગતો રજુ કરેલ નથી. પરંતુ અરજદારે વિગતો રજુ કરેલ જોતાં તેમણે માંગેલ માહિતી મુદ્દા નં.૧ થી ૪ અંગે પર્યાપ્ત દફતરી માહિતી આપ્યાનું જણાય છે. પરંતુ મુદ્દા નં.૫ માં અરજદારે જે સાપ્તાહિકો/માસીક/અખબારોને જાહેરાત અપાયેલ છે તેમના છેલ્લા ત્રણ અંકો તથા ઓડીટ રીપોર્ટ મેળવાયા છે? તેની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ સ્પષ્ટ માહિતી આપવાને બદલે માત્ર ઠરાવનો હવાલો અને સક્ષમ સત્તાની મંજુરીથી આપ્યાનું જણાવેલ છે. જે માંગેલ માહિતી સાથે સુસંગતતા જણાતી નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૪–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી નં.પીઆરઓ/૯૯૧ તા.૧૯–૧૨–૦૮ થી અરજદારને પૂરીપાડવામાં આવેલ છે. જેથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૫ ની હકીકતલક્ષી દફતરી માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી જનસંપર્કને જણાવવાાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી જનસપર્ક... જાણ તથા અમલ માટે
(૨)શ્રીડી સી. ભટ્ટ,